**Vidhyayana - ISSN 2454-8596**
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
**www.vidhyayanaejournal.org**
**Indexed in: ROAD & Google Scholar**

# અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત વ્યાવસાયિક તાલીમ કેન્દ્ર – અંબુજાનગર

## (Skill and Entrepreneurship Development Institute – Ambujanagar)

પ્રસ્તુતકર્તા

મિતલબેન વરજાંગભાઈ મોરી

**(M. A, B. Ed, G.S.E.T)**

morimitalv@gmail.com

PHD SCHOLAR, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

માર્ગદર્શક

ડૉ.ધીરુભાઈ વાળા

એસોસીએટ પ્રોફેસર & અધ્યક્ષ

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, મેંદરડા

- **અંબુજા સિમેન્ટ લિમિટેડ**

અંબુજા સિમેન્ટ કંપની એ ભારતના ખ્યાતનામ ઉદ્યોગગૃહમાં સ્થાન ધરાવે છે. આ કંપની એ વૈશ્વિક ગ્રૂપ લાફાર્જ હોલસીમનો ભારતમાં કાર્યરત એક ભાગ છે. લાફાર્જ હોલસીમ એ વિશ્વ પ્રસ્સિદ્ધ ગ્રૂપ છે અને તે વિશ્વમાં સૌથી વધુ સિમેન્ટ ઉત્પાદન માટે જાણીતી છે. વર્ષ 2022માં લાફાર્જ હોલસીમ જુથ દ્વારા ભારત દેશનો પોતાનો ઉદ્યોગ વેચાણ કરવાથી હાલમાં આ ઉદ્યોગ ભારતના ખ્યાતનામ ઔદ્યોગિક સમૂહ અદાણી જુથ દ્વારા ખરીદવામાં આવ્યો છે. આ જૂથના ચેરમેન શ્રી ગૌતમ અદાણી કાર્યરત છે. તેની વાર્ષિક ક્ષમતા 29.65 મિલિયન ટન પ્રતિ વર્ષ છે. કુલ ઉત્પાદનમાથી ૫ મિલિયન ટન સિમેન્ટ કોડીનાર ખાતેના અંબુજનગરમાં ઉત્પન્ન કરવામાં આવે છે. આ કંપનીના મુખ્યત્વે 5 પ્લાન્ટ ભારતભરમાં કાર્યરત છે. આ ઉપરાંત 8 ગ્રાઈન્ડિંગ યુનિટ પણ ભારતમાં કાર્યરત છે. આ ગ્રૂપનો સૌ પ્રથમ પ્લાન્ટ એવો એકમ ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર ખાતે કાર્યરત છે[૧]. તેની સ્થાપના વર્ષ ૧૯૮૭ માં કરવામાં આવી હતી. આ એકમ પાવર વપરાશની બાબતમાં આત્મનિર્ભર છે અને સમગ્ર એકમમાં વપરાશ થતાં પાવર નું પોતાની પાસે રહેલા પાવર ઉત્પાદનમાં ઉત્પન્ન કરે છે. આ એકમ એ સિમેન્ટનું દરિયાઈ માર્ગે વહન કરવા માટે ખ્યાતનામ છે. દેશમાં સૌ પ્રથમ દરિયાઈ માર્ગે સિમેન્ટ વહન ચાલુ કરવાનો શ્રેય આ એકમને જાય છે. અહી કોડીનાર તાલુકાના મૂલદ્વારકા બંદર ખાતે કંપનીનો પોતાનો બલ્ક સિમેન્ટ ટર્મિનલ કાર્યરત છે.  આ બંદર પર જેટીની રચના કરવામાં આવેલ છે જેમાંથી દરિયાયાઈ માર્ગે વહાણ દ્વારા સિમેન્ટનું વહન થાય છે. આ બંદર મુંબઈ અને સુરતની સાથે દરિયાઈ માર્ગે જોડાયેલ છે. અંબુજા સિમેન્ટ કોડીનાર ખાતે મુખ્યત્વે નીચે દર્શાવેલ સિમેન્ટનું ઉત્પાદન થાય છે[૨].

a) ઓર્ડિનરી પોર્ટલેન્ડ સિમેન્ટ (Ordinary Portland Cement)

b) પઝોલોના પોર્ટલેંડ સિમેન્ટ (Pozzolona Portland Cement)

અંબુજા સિમેન્ટ એ કુલ ઉત્પાદનના ૨૫ % ઉત્પાંદન PPC સિમેન્ટ કરે છે. આ સિમેન્ટના ઉત્પાદનમાં પાવર પ્લાન્ટમાથી ઉત્પન્ન થતી રાખનો ઉપયોગ કરવામાં આવે છે. અંબુજા સિમેન્ટનો અંબુજાનગર પ્લાન્ટ ISO 9001, ISO 14001 અને OHSAS 18001 સર્ટિફિકેટ ધરાવે છે.

- **અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશનનો પરિચય**

અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશનએ એક સ્વાયત સંસ્થા તરીકે કાર્યરત છે. અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશનએ અંબુજા સિમેન્ટ લિમિટેડ ઉદ્યોગગૃહની સામાજિક જવાબદારીના ભાગરૂપે સ્થપાયેલ એક સ્વતંત્ર એકમ છે. અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશનની સ્થાપના વર્ષ 1993માં કરવામાં આવી હતી[૩].આ સંસ્થાની સૌપ્રથમ સ્થાપના ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાનાં અંબુજાનગર ખાતે કરવામાં આવી હતી.આ સંસ્થા દ્વારા વર્ષ 1993માં 15 લાખના ભંડોળ વડે 15 ગામમાં કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું[૪]. વર્તમાન સમયમાં આ સંસ્થા ભારતના અલગ અલગ સ્થળો પર અસ્તિત્વ ધરાવે છે. આ સંસ્થા પોતાના સિમેન્ટ પ્લાન્ટની  આસપાસના વિસ્તારમાં લોકોની સુખાકારી માટેના અલગ અલગ કાર્યો કરે છે. આ સંસ્થા દ્વારા અલગ અલગ ક્ષેત્રોમાં આયોજન પૂર્વક વિકાસના કાર્યો કરવા કાર્યરત છે. આ સંસ્થા નીચેના ક્ષેત્રોમાં કાર્ય કરે છે. અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશનની સ્થાપના બાદ આ સંસ્થા શરૂઆતથી જ જલસંચયની પ્રવૃતિ સક્રિય પણે કરે છે અને તેને અંતર્ગત ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાનાં દૂદાણા તેમજ રોણાજ ગામ પાસે શિંગોવડા નદી પર ચેક ડેમ નિર્માણ કરવામાં આવ્યા છે[૫].

1) કૃષિ અને કૃષિ ક્ષેત્રે આજીવિકા નિર્માણ

2) કૌશલ્ય વર્ધન

3) જળ સુધારણા અને વ્યવસ્થાપન

4) સ્વચ્છતા અને સ્વાસ્થ્ય

5) મહિલા સશક્તિકરણ

6) શિક્ષણ

- **વ્યાવસાયિક તાલીમ કેન્દ્ર - અંબુજાનગરનો પરિચય (SEDI)**

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકામાં અંબુજાનગર ખાતે વ્યાવસાયિક તાલીમ કેન્દ્રની સ્થાપના કરવામાં આવી છે. આ તાલીમ કેન્દ્ર એ અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત છે. આ કેન્દ્ર SEDI સંસ્થા તરીકે ઓળખાય છે. Skill and Entrepreneurship Development Institute (SEDI) એટલે કે કૌશલ્ય અને ઉદ્યમિતા વિકાસ સંસ્થા એ અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત એક સ્વાયત સંસ્થા છે.

સમગ્ર ભારત દેશમાં દર વર્ષે 15 કરોડ જેટલા યુવાનો રોજગારી મેળવવા માટેના જરૂરી વર્ષ પુર્ણ કરે છે પરંતુ તેમાથી 75 % યુવાનો કાર્ય કરવા માટે કોઈ કૌશલ્યવર્ધન તાલીમ મેળવેલ હોતા નથી. હકીકતમાં ફક્ત 2 % યુવાનોને જ કાર્ય કરવા માટેની કોઈ તાલીમ મળેલ હોય છે. ભારત જેવા વિકાસશીલ દેશના અર્થતંત્ર માટે 70 કરોડ તાલીમ મેળવેલ યુવાનોની જરૂરિયાત ધરાવે છે. આપણા દેશ માટે આ એક મોટો પડકાર છે. દેશના યુવાનો કેટલાક કારણોસર તાલીમ મેળવી શકતા નથી. કેટલાક યુવાનો રોજગારી ઉપલબ્ધ હોવા છતાં પણ જરૂરી તાલીમના અભાવે નોકરી મેળવી શકતા નથી. નાના કેન્દ્રો પર જરૂરી કૌશલ્ય વર્ધન સંસ્થાઓ ન હોવાના કારણે તેઓ મોટા શહેર તરફ આધાર રાખવો પડે છે.

અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન દ્વારા ઉપરોક્ત પડકારનો સામનો કરવા માટે અને યુવાનોને રોજગારીની સમાન તકો ઉપલબ્ધ કરાવવા માટે SEDI ની સ્થાપના કરવામાં આવી છે. અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન દ્વારા સમગ્ર ભારતમાં

**Vidhyayana - ISSN 2454-8596**
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
**www.vidhyayanaejournal.org**
**Indexed in: ROAD & Google Scholar**

35 જેટલી SEDI સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે. આ 35 તાલીમ કેન્દ્રો ભારતના 10 રાજ્યમાં સ્થિત છે[૬]. આ તમામ સંસ્થાઓમાં 78000 જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને 42 જેટલા કોર્સની તાલીમ આપવામાં આવે છે[૭]. આ સંસ્થાના કુલ વિદ્યાર્થીઓમાં 40 ટકા જેટલી મહિલા તાલીમાર્થીનો સમાવેશ થાય છે[૮]. આ સંસ્થા દ્વારા જરૂરી કૌશલ્ય વર્ધન તાલીમ કાર્યક્રમો અનુક્રમે યુવાનોને તાલીમ આપવા કાર્યરત છે. આ સંસ્થા વિવિધ રોજગાર આપતી સંસ્થાઓ સાથે જોડાયેલ છે અને તાલીમ પૂર્ણ કર્યા બાદ યુવાનોને રોજગારી પણ ઉપલબ્ધ કરાવે છે. આ સંસ્થા ભારત દેશના વિવિધ રાજ્યોમાં આવેલ છે. આ સંસ્થા ગુજરાત, છતીસગઢ, હિમાચલ પ્રદેશ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, પંજાબ, રાજસ્થાન, ઉતરપ્રદેશ, ઉતરાખંડ તેમજ પશ્ચિમ બંગાળમાં પોતાના કેન્દ્રો ધરાવે છે. આ સંસ્થાના કુલ ૩૨ કેન્દ્ર દેશના અલગ અલગ ૧૧ રાજ્યોમાં કાર્યરત છે. વર્ષ 2020-21 દરમિયાન ભારત તમામ રાજ્યોમાં સ્થિત SEDI સંસ્થા માટે 24.51 કરોડનો ખર્ચ અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવ્યો છે[૯].

ગુજરાતમાં આ સંસ્થાના કુલ ૬ કેન્દ્ર કાર્યરત છે. આ સંસ્થાના ગુજરાત ખાતેના કેન્દ્રોની વિગત નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવેલ છે[૧૦]. ગુજરાત રાજ્યમાં ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના અંબુજાનગર ખાતે આ સંસ્થા વર્ષ ૨૦૦૬-૦૭થી કાર્યરત છે.

| **ક્રમ** | **કૌશલ્ય વર્ધન કેન્દ્ર નું નામ** | **તાલીમ મેળવેલ વિદ્યાર્થીઓની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૪૩૦૮ |
| ૨ | અંબુજાનગર | ૬૪૯૦ |
| ૩ | મોરબી | ૧૫૦ |
| ૪ | મહુવા | ૧૬૦ |
| ૫ | રાજુલા | ૧૪૪૪ |
| ૬ | સુરત | ૧૯૨૭ |

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

અંબુજાનગર ખાતે કાર્યરત આ સંસ્થા અંબુજા સિમેન્ટ ફેક્ટરીની સામેના ભાગમાં સ્થિત છે. આ સંસ્થામાં ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકા તેમજ બીજા તાલુકાઓમાંથી વિદ્યાર્થીઓ આ સંસ્થામાં તાલીમ મેળવી રહ્યા છે. આ તાલીમ પૂર્ણ થયા બાદ તેમણે રોજગારી અલગ અલગ સ્થાનો પર મળેલ છે. રોજગારી માટે આ સંસ્થા સાથે ૪૨૫ જેટલા મોટા ભાગીદારો જોડાયેલ છે જેઓ પોતાની કંપનીમાં આ સંસ્થામાંથી તાલીમ મેળવેલ વિદ્યાર્થીઓની ભરતી કરે છે. આ સંસ્થા પર ચાલતા કોર્સની વિગત નીચેના કોષ્ટકમાં જણાવવામાં આવેલ છે[૧૧].

| ક્રમ | કોર્સનું નામ | કોર્સનો સમયગાળો | રોજગારીના ક્ષેત્ર |
|---|---|---|---|
| ૧ | હોસ્પિટલ આસિસ્ટન્ટ ટેક્નિશિયન (ડિપ્લોમા નર્સિંગ) | ૧ વર્ષ | સરકારી, અર્ધ સરકારી તેમજ ખાનગી હોસ્પિટલમાં નર્સ તરીકે |
| ૨ | જનરલ ડ્યૂટી આસિસ્ટન્ટ (નર્સિંગ) | ૬ માસ | ખાનગી હોસ્પિટલમાં આસિસ્ટન્ટ નર્સ તરીકે |
| ૩ | વાયરમેન કંટ્રોલ પેનલ | ૪ માસ | ઇલેક્ટ્રિશિયન હેલ્પર, ઇલેક્ટ્રિશિયન ટેક્નિશિયન |
| ૪ | પીસીબી અસેમ્બલી ઓપરેટર (ઇલેક્ટ્રોનિક્સ) | ૪ માસ | પીસીબી અસેમ્બલી ઓપરેટર |
| ૫ | સીએનસી મશીન ઓપરેટર | ૪ માસ | સીએનસી ઓપરેટર / લેથ ઓપરેટર |
| ૬ | બિઝનેસ પ્રોસેસ આઉટસોર્સ (બીપીઓ) | ૪ માસ | કોલ સેન્ટર |
| ૭ | વેલ્ડર | ૪ માસ | વેલ્ડર હેલ્પર, વેલ્ડર ટેક્નિશિયન, ફોરમેન |
| ૮ | ફીટર ફેબ્રિકેટર | ૪ માસ | ફેબ્રિકેટર, ફીટર, ફોરમેન |

- **વ્યાવસાયિક તાલીમ કેન્દ્ર - અંબુજાનગરના હેતુઓ**

અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન આ પ્રકારના કૌશલ્ય વર્ધન કેન્દ્ર દ્વારા ભારતના યુવાધનને તાલીમ આપે છે. આ તાલીમ કેન્દ્રના મુખ્ય હેતુઓ નીચે દર્શાવ્યા મુજબ છે.

**1) ગ્રામ્ય વિસ્તારોમાં તાલીમ કેન્દ્રની સ્થાપના કરી અને આજીવિકા નિર્માણમાં યોગદાન**

ગ્રામ્ય વિસ્તારોમાં SEDI મારફત રોકાણ કરી અને ૨૯ જેટલા તાલીમ કોર્સની સુવિધા આપવામાં આવી છે. આ ૨૯ જેટલા કોર્સ મુખ્યત્વે ૧૨ વિભાગોમાં રોજગારી પ્રદાન કરવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં વિદ્યાર્થીઓ પોતાના વતનથી દૂર નોકરી કરવા જવા માટે પસંદ કરતા નથી. આ માન્યતાને દૂર કરવા માટે સંસ્થા દ્વારા ગ્રૂપમાં જોબ અપાવવામાં આવે છે. જેથી કરીને વિદ્યાર્થીઓને ઘરની યાદ ઓછી આવે અને લાંબો સમય સુધી જોબ છોડે નહીં. અંબુજાનગર SEDI કેન્દ્ર પરના 170 ઈલેક્ટ્રોનિક બેચના વિદ્યાર્થીઓ એક સાથે જોબ કરે છે અને 8800 પ્રતિ માસ પગાર મેળવે છે[૧૨].

**2) કાર્યસ્થળ પર તાલીમની સુવિધા અને ભરતી પ્રક્રિયા**

ACF આ કેન્દ્રો પર ઓન જોબ તાલીમ (કાર્યસ્થળ પર તાલીમ) ની સુવિધા આપે છે. ઉમેદવારને આ પદ્ધતિના કારણે કોઈ ઉદ્યોગમાં કાર્ય કરવામાં જે પ્રકારની તકલીફ થાય છે તેનો ખ્યાલ આવે છે અને તેના આત્મવિશ્વાસમાં વધારો થાય છે. આ ઉપરાંત મોટી સંસ્થાઓ સાથે ભાગીદારી કરેલ હોવાથી તાલીમ પૂર્ણ કર્યા બાદ નોકરી મેળવવામાં સરળતા રહે છે.

**3) તાલીમાર્થીને સતત માર્ગદર્શન અને સહકાર**

આ સંસ્થાના અધિકારીઓ તાલીમ પુર્ણ કરેલ વિદ્યાર્થીઓને સતત માર્ગદર્શન આપતા રહે છે. આ તાલીમાર્થીઓના કાર્યસ્થળની મુલાકાત કરી અને તેના ઉપરી અધિકારી સાથે મુલાકાત કરે છે. વિદ્યાર્થીને પડતી અગવડતા તેમજ જ્ઞાન અંગે જાણકારી મેળવે છે. તાલીમાર્થીને તાલીમ આપનાર શિક્ષકોને પણ ઉચ્ચ કક્ષાની તાલીમ આપવામાં આવે છે. વર્ષ 2017-18 દરમ્યાન ભારતના 8 સ્થળોના 109 શિક્ષકોને તાલીમ આપવામાં આવી હતી[૧૩].

**4) તાલીમાર્થીના વાલીઓને યોગ્ય માર્ગદર્શન વડે રોજગારી મેળવવામાં મદદરૂપ થવું**

સંસ્થામાં તાલીમ પામેલા ઉમેદવારના વાલીઓને વર્તમાન સમયની જરૂરિયાત અને રોજગારી બાબતે પ્રોત્સાહન આપી અને પ્રેરણા આપવામાં આવે છે. વર્તમાન સમયમાં વિવિધ ક્ષેત્રોમાં રહેલ રોજગારીની તકો અનુસાર તાલીમ કોર્સ નક્કી કરવામાં આવે છે અને તાલીમાર્થીઓને સરળતાથી નોકરી મળે એ બાબતે કાર્ય કરવામાં આવે છે.

**5) લિંગભેદ અંગે ગેરમાન્યતા દૂર કરવી**

વર્તમાન સમયમાં પુરુષોના પ્રભુત્વ ધરાવતા કાર્યક્ષેત્રમાં મહિલા તાલીમાર્થીઓને તાલીમ આપી અને લિંગભેદ અંગેની સમાજની ગેર માન્યતાઓને દૂર કરવા માટે કાર્યરત છે.

**6) દિવ્યાંગ વિદ્યાર્થીઓને તાલીમ આપવી**

આ સંસ્થા શારીરિક વધુ કાર્ય કરવા સક્ષમ ના હોય એવ દિવ્યાંગ વિદ્યાર્થીઓને માટે ખાસ તાલીમ કોર્સ ચલાવે છે. આ કોર્સમાં મોબાઈલ રિપેરિંગ, ઓફિસ કાર્ય તેમજ આ પ્રકારના વિદ્યાર્થીને અગવડ ના પડે એ

પ્રકારના કામની તાલીમ આપવામાં આવે છે.

**7) ઉદ્યમિતા ને પ્રોત્સાહન**

આ સંસ્થામાં જે તાલીમાર્થી પોતાનો વ્યવસાય રોજગાર સ્થાપવા માંગતા હોય તેવા વિદ્યાર્થીને તેની પ્રેરણા આપે છે. અને તેનો પોતાનો એકમ સ્થાપવા માં મદદરૂપ થાય છે. અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન વિદ્યાર્થીઓમાં પોતાનો વ્યવસાય સ્થાપવા માટે SEDI મારફત કાર્યરત છે. આ સંસ્થા દ્વારા તાલીમ ઉપરાંત સતત માર્ગદર્શન પણ આપવામાં આવે છે જેથી વિદ્યાર્થી આ દિશામાં આગળ વધી શકે. દેશના કુલ 8 સ્થળો પર કુલ 403 વિદ્યાર્થીઓ દ્વારા આ તાલીમ મેળવી છે અને તેમાથી 319 વિદ્યાર્થી દ્વારા પોતાનો વ્યવસાય ચાલુ કર્યો છે[૧૪].

- **વ્યાવસાયિક તાલીમ કેન્દ્રની રોજગારી મેળવવામાં ભૂમિકા**

ગીર સોમનાથ જિલ્લામાં કોડીનાર તાલુકાનાં અંબુજાનાગર ખાતે અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન નામની સંસ્થા કાર્યરત છે. અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત કૌશલ્ય અને ઉદ્યમિતા વિકાસ કેન્દ્ર વિવિધ ઔદ્યોગિક ગૃહો, સરકાર અને એનજીઓ સાથે ભાગીદારી કરી અને સંસ્થાન ચલાવે છે. આ પ્રકારના કેન્દ્રો ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારમાં સ્થાપિત હોય છે. SEDI યુવાઓને ઉચ્ચ કૌશલ્ય તાલીમ આપે છે જેથી તેઓ રોજગારી મારફત આજીવિકા મેળવી શકે. આ સંસ્થા ચલાવવા માટે નીચેના ભાગીદારો દ્વારા નાણાં ભંડોળ આપવામાં આવે છે.

1) સિપ્લા ફાઉન્ડેશન
2) એપીએમ ટર્મિનલ પીપાવાવ
3) દીન દયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના

4) નાબાર્ડ

5) ટાટા કેમિકલ સોસાઇટી ફોર રૂરલ ડેવલપમેન્ટ

6) ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન - ગુજરાત સરકાર

7) HDFC બેંક પરીવર્તન

8) હિંદુસ્તાન ઝિંક

આ તાલીમ પૂર્ણ કર્યા બાદ સંસ્થા સાથે ભાગીદારી કરેલા કેન્દ્રોમાં વિદ્યાર્થીને રોજગારી મળે છે. રોજગાર મેળવવા માટે પણ આ કેન્દ્ર દ્વારા સહયોગ આપવામાં આવે છે. SEDI દ્વારા અપનાવવામાં આવેલ અભિગમની પ્રક્રિયા નીચે દર્શાવવામાં આવેલ છે. આ કેન્દ્રમાં હોસ્પિટલ સંલગ્ન અભ્યાસ કરેલ ઉમેદવારને રાજકોટ, અમદાવાદ તેમજ ગાંધીધામ જેવા શહેરમાં વિવિધ હોસ્પિટલમાં નર્સ તરીકે નોકરી મેળવવામાં મદદ કરવામાં આવે છે. આ સંસ્થામાં તાલીમ મેળવેલા 75 % જેટલા ઉમેદવારો વિવિધ જગ્યાઓ પર રોજગારી મેળવવામાં સફળ થઈ રહ્યા છે. આ ઉપરાંત ઓટોમોટીવને સંલગ્ન તાલીમ મેળવેલ ઉમેદવારો નજીકના વિસ્તારોમાં દ્વી-ચક્રી તેમજ કાર જેવા વાહનોના રિપેરિંગ કેન્દ્રો પર નોકરી મેળવે રહ્યા છે. આ ઉપરાંત મોબાઈલ રિપેરિંગ કરવાના કેન્દ્રો પર પણ નોકરી મેળવી રહ્યા છે. આ ઉપરાંત કોલ સેન્ટર પર કામ મેળવવા માટે પણ અહીથી પ્રાપ્ત કરેલ તાલીમ ઉપયોગી થાય છે.

આ સંસ્થાના દરેક વિદ્યાર્થીઓને વ્યક્તિગત માર્ગદર્શન આપવામાં આવે છે અને તેને પડતી તકલીફ પર ધ્યાન કેન્દ્રિત કરી અને તેને દૂર કરવા માટે તાલીમ આપવામાં આવે છે. આ ઉપરાંત થોડા દિવસોના અંતરે તેમની નોકરીના સ્થળે મુલાકાત કરી અને તેમના સુપરવાઇઝર પાસેથી તેમના કાર્ય અંગે રિપોર્ટ મેળવવામાં આવે છે. આ પ્રકારના અભ્યાસ દ્વારા અન્ય વિદ્યાર્થીઓને પણ તેને અનુલક્ષીને તાલીમ આપવામાં આવે છે. આ પ્રકારના કેન્દ્રો પર

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

ઉદ્યોગ ગૃહના કાર્ય સ્થળ જેવુ જ વાતાવરણ હોવાથી વિદ્યાર્થીઓને ફિલ્ડમાં કાર્ય કરવામાં મુશ્કેલીઓ ઓછી પડે છે. આ સંસ્થા દ્વારા જે અભિગમ દ્વારા તાલીમ આપવામાં આવે છે તેની પ્રક્રિયા નીચેના ચાર્ટમાં દર્શાવેલ છે.




(વ્યાવસાયિક તાલીમ કેન્દ્રમાં અપનાવેલ તાલીમ અભિગમ)

આ સંસ્થાના ઉમેદવારોને તાલીમ આપવા માટેનો જે અભિગમ અપનાવવામાં આવે છે તે પ્રક્રિયાની માહિતી ઉપરના ચાર્ટમાં દર્શાવવામાં આવેલ છે. પ્રથમ સંસ્થાના તજજ્ઞ શિક્ષકોની ટીમ કેન્દ્રની આસપાસના વિસ્તારોમાં મુલાકાત કરે છે. ગ્રામ પંચાયત તેમજ સ્થાનિક આગેવાનો સાથે સંકલન કરી અને વિવિધ સેમિનાર યોજવામાં આવે છે. આ સેમિનારમાં યુવાઓને રોજગારી મેળવવા બાબતે પ્રેરણા આપવામાં આવે છે અને તાલીમ લેવા ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે આવવા જવા માટેની સુવિધાઓ ચકાસવામાં આવે છે. આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તેઓને સંસ્થા ખાતે બોલાવવામાં આવે છે. સંસ્થામાં વિદ્યાર્થીઓની પોતાની પસંદગી અને કૌશલ્ય મુજબ અલગ અલગ જુથ બનાવવામાં આવે છે. વિદ્યાર્થીઓના જુથને પ્રવેશ મેળવેલ કોર્સની તાલીમ આપવામાં આવે છે. તાલીમ અંતર્ગત વિદ્યાર્થીઓની બાહ્ય તેમજ આંતરિક કસોટી લેવામાં આવે છે. આ તબક્કો પૂર્ણ કર્યા બાદ તેમને તાલીમ પૂર્ણ

કર્યા અંગેનું પ્રમાણપત્ર આપવામાં આવે છે. તાલીમ પૂર્ણ કર્યા બાદ તેમને વિવિધ ભરતી ભાગીદારોના કાર્યસ્થળ પર રોજગારી આપવામાં આવે છે. આ કાર્યસ્થળની ચોક્કસ સમયાંતરે મુલાકાત કરવામાં આવે છે. વિદ્યાર્થીના સુપરવાઇઝર પાસેથી કાર્ય અંગેની માહિતી મેળવવામાં આવે છે. આ માહિતીનો ઉપયોગ કરી અને તાલીમના સાહિત્ય તેમજ પદ્ધતિમાં જરૂરી સુધારાઓ કરવામાં આવે છે. આ રીતે આખી પ્રક્રિયા પૂર્ણ થાય છે અને યુવાઓને રોજગારી મળે છે.

- **પરિણામ અને નિષ્કર્ષ**


ભારત દેશમાં વર્તમાન સમયમાં ઔદ્યોગિક ક્રાંતિના પરિણામે નાના મોટા અસંખ્ય ઔદ્યોગિક જૂથો કાર્યરત છે. ગુજરાત રાજ્ય પણ આ બાબતે અગ્રેસર છે. આપણા દેશમાં ખેતી વ્યવસાય બાદ સૌથી વધુ રોજગારી પ્રાઈવેટ સંસ્થાનો દ્વારા પૂરી પાડવામાં આવે છે. ગીર સોમનાથ જિલ્લોએ સૌરાષ્ટ્રના સમુદ્રીતટ પર સ્થિત જિલ્લો હોય નાના કેન્દ્રો પર જો વ્યાવસાયિક તાલીમ કેન્દ્રની આવશ્યકતા રહેલ છે. અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત આ સંસ્થા પણ આ દિશામાં કાર્ય કરી અને વિસ્તારના વિદ્યાર્થીઓ પણ રોજગારી મેળવવામાં મદદરૂપ થાય છે. અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત આ કેન્દ્રમાં આ પ્રકારની તાલીમ દ્વારા તાલીમાર્થીઓ મોટા શહેરોમાં સારી નોકરી મેળવી રહ્યા છે. ગીર સોમનાથ જીલ્લાના અંબુજાનગર ખાતેના કૌશલ્ય અને ઉદ્યમીતા વિકાસ કેન્દ્ર દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮ સુધીમાં વિદ્યાર્થીઓને આપવામાં આવેલ તાલીમ અંગેની વિગત નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવેલ છે[૧૫].

| ક્રમાંક | વિગત | વર્ષ ૨૦૧૭-૨૦૧૮ ની સંખ્યા | વર્ષ ૨૦૧૭-૨૦૧૮ સુધી કુલ સંખ્યા |
|---|---|---|---|
| ૧ | SEDIના કેન્દ્રની સંખ્યા | ૧ | ૨ |
| ૨ | તાલીમની કુલ બેચ / કોર્સ | ૩૮ | ૧૮૧ |

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar


| | | | |
|---|---|---|---|
| ૩ | તાલીમ પૂર્ણ કરેલ તાલીમાર્થીની સંખ્યા | ૭૩૦ | ૩૪૨૪ |
| ૪ | રોજગારી મેળવેલ તાલીમાર્થી | ૬૪૬ | ૨૮૩૯ |
| ૫ | તાલીમ મેળવી રહેલા તાલીમાર્થી | ૪૦૮ | ૬૮૬ |

વ્યાવસાયિક તાલીમ કેન્દ્ર અંબુજાનગર ખાતે વર્ષ 2012-13 થી શરૂ કરી અને વર્ષ 2019-20 દરમ્યાન તાલીમ આપવામાં આવેલ વિદ્યાર્થીઓ તેમજ રોજગારી મેળવેલ વિદ્યાર્થીઓની વિગત નીચેના ગ્રાફમાં દર્શાવવામાં આવેલ છે. આ ગ્રાફ પરથી સ્પષ્ટ થાય છે કે આ કેન્દ્રમાં તાલીમ મેળવેલ વિદ્યાર્થીઓ રોજગારી મેળવી અને આત્મનિર્ભર બની રહ્યા છે[૧૬].



**Vidhyayana - ISSN 2454-8596**
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
**www.vidhyayanaejournal.org**
**Indexed in: ROAD & Google Scholar**

વ્યાવસાયિક તાલીમ કેન્દ્ર અંબુજાનગર તેમજ ગુજરાતના મુખ્ય વ્યાવસાયિક તાલીમ કેન્દ્રો પર વર્ષ 2021-22 દરમ્યાન અભ્યાસ કરતા વિદ્યાર્થી અને રોજગાર મેળવેલ વિદ્યાર્થીની વિગત નીચેના ચાર્ટમાં દર્શાવ્યા મુજબ છે[૧૭]. આ ચાર્ટ પરથી સ્પષ્ટ થાય છે કે આ કેન્દ્ર રોજગારી પ્રદાન કરવાની બાબતમાં અગત્યની ભૂમિકા ભજવે છે.



❖ **પાદ નોંધ:**

૧. વાર્ષિક અહેવાલ, અંબુજા સિમેન્ટ લિમિટેડ, મુંબઈ ૨૦૨૦, પૃ.૧૬૫

૨. વાર્ષિક અહેવાલ, અંબુજા સિમેન્ટ લિમિટેડ, મુંબઈ, ૨૦૨૦, પૃ.૧૯૫

૩. વાર્ષિક અહેલવાલ, અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન, મુંબઈ, ૨૦૧૭-૧૮, પૃ.૧૬

૪. વાર્ષિક અહેલવાલ, અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન, મુંબઈ, ૨૦૧૮-૧૯, પૃ.૧૪

૫. વાળા અરસીભાઈ બી., કોડીનારનો ઇતિહાસ, રાજકોટ, ૨૦૦૫, પ્રથમ આવૃતિ, પૃ. ૬૪

૬. વાર્ષિક અહેવાલ, અંબુજા સિમેન્ટ લિમિટેડ, મુંબઈ, ૨૦૨૧, પૃ.૮૧

૭. વાર્ષિક અહેલવાલ, અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન, મુંબઈ, ૨૦૧૯-૨૦, પૃ.૩૬

૮. વાર્ષિક અહેલવાલ, અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન,મુંબઈ, ૨૦૧૯-૨૦, પૃ.૩૯

૯. વાર્ષિક અહેલવાલ, અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન, મુંબઈ, ૨૦૨૦-૨૧, પૃ.૨૦

૧૦.https://sedi.org.in/location/gujarat/dated 01.03.2023;10:00 AM

૧૧. https://sedi.org.in/location/gujarat/01.03.2023;10:00 AM

૧૨. વાર્ષિક અહેલવાલ, અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન,અંબુજાનગર, ૨૦૧૭-૧૮, પૃ.૭

૧૩. વાર્ષિક અહેલવાલ, અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન,અંબુજાનગર, ૨૦૧૭-૧૮, પૃ.૩૫

૧૪.વાર્ષિક અહેલવાલ, અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન,અંબુજાનગર, ૨૦૨૧-૨૨, પૃ.૩૮

૧૫.વાર્ષિક અહેલવાલ, અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન,અંબુજાનગર, ૨૦૧૭-૧૮, પૃ.૧૪

૧૬.વાર્ષિક અહેલવાલ, અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન,અંબુજાનગર, ૨૦૧૮-૧૯, પૃ.૨૩

૧૭.વાર્ષિક અહેલવાલ, અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન,અંબુજાનગર, ૨૦૨૧-૨૨, પૃ.૧૮